પ્રાથમિક શાળાઓને કેપીટેશન ફી
લેવા પ્રતિબંધ મૂકવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. / /૨૦૧૧
18 FEB 2011

વંચાણે લીધાઃ-

(૧) "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ કલમ-૧૩(૧) અને કલમ-૩૮

(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ GH/SH/6 NO: પીઆરઇ/૧૨૦૧૦/ ૫/કે તા.૧/૪/૨૦૧૦

પ્રસ્તાવનાઃ-

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૧૩(૧)માં નીચે મુજબ જોગવાઇ છે.

"કોઇપણ શાળા અથવા વ્યકિત શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઇપણ પ્રકારની Capitation Fee વસુલ કરશે નહિ અને શાળામાં પ્રવેશ માટે બાળક અથવા તેના માતા-પિતા/વાલીને તપાસ કે ઇન્ટરવ્યુમાંથી પસાર કરશે નહિ."

આ કલમની જોગવાઇઓનો ઠરાવ કરી તેનો અમલ કરવા તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ -

ભારત સરકાર દ્વારા આમુખ(૧) માં દર્શાવેલ ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ ની કલમ ૧૩(૧) અને કલમ-૩૮ ની જોગવાઇઓથી મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) તમામ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે ત્યારે પ્રવેશ વખતે કોઇપણ પ્રકારની કેપીટેશન ફી/સીક્યોરીટી ડીપોઝીટ, કોઇપણ પ્રકારનું દાન, શાળા દ્વારા અધિસૂચિત કરવામાં આવેલ ફી સિવાયની ફી કે રકમ વિદ્યાર્થી કે તેના વાલી

પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લઇ શકાશે નહિ. એટલે કે શાળા દ્વારા પ્રતિવર્ષ જુદા જુદા હેતુઓ માટે જે ફી લેવામાં આવે છે તે લઇ શકશે પરંતુ શાળામાં દાખલ કરતી વખતે એક જ વખત લેવામાં આવતી કોઇપણ પ્રકારની ફી કે એડવાન્સ જે મૂડી પ્રકારની (Capital Nature) ની હોય તે લઇ શકાશે નહિ.

(૨) આ ઠરાવની શરત નં.૧ માં દર્શાવેલ જોગવાઇઓનું ઉલ્લંઘન કોઇપણ શાળા દ્વારા કરાતું સાબિત થશે તો તેમને તેમણે જેટલી કેપીટેશન ફી પ્રવેશ વખતે લીધાનું જણાશે તેનાથી દશ ઘણો દંડ સક્ષમ અધિકારી દ્વારા કરવામાં આવશે.

(૩) આ ઠરાવનો અમલ તમામ શાળાઓ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત, નગર શિક્ષણ સમિતિ સંચાલિત, અનુદાનિત પ્રાથમિક શાળા, બિન અનુદાનિત પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી કે. આઇ.સી.એસ.આઇ. અથવા અન્ય કોઇ પણ બોર્ડ સાથે સંકળાયેલ કોઇપણ માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓએ તથા તેના સંચાલક મંડળે ચુસ્ત રીતે કરવાનો રહેશે.

(૪) રાજ્યના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તથા જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા તેમના કાર્યક્ષેત્રમાં ઉપર્યુક્ત જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે.

આ ઠરાવનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ના પ્રવેશથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

  } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઈન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.